# GK Samixa 1 થી 30 April 2017,સામાન્યજ્ઞાન

## સમીક્ષા 244 (1) તારીખ 1/4/2017

**દેશના રાષ્ટ્રપતિ અસમમાં નમામિ બ્રહ્મપુત્રનું ઉદ્દ્ઘાટન કર્યું...**

૧) ભારતનો સૌથી મોટો નદી તહેવાર નમામિ બ્રહ્મપુત્ર, અસમના 21 જિલ્લાઓમાં શરુ થયેલ છે.

૨) ભારતની એકમાત્ર પુરુષ નદીના રૂપમાં માનવામાં આવતી બ્રહ્મપુત્ર નદીના કિનારે આ કાર્યક્રમનું આયોજન થયેલ છે.

૩) 31 માર્ચથી 4 એપ્રિલ 2017 સુધી આ ઉત્સવ ચાલશે, તેમાં 21 જિલ્લાઓના લોકો જોડાશે.

૪) આ તહેવારનો મુખ્ય ઉદેશ્ય રાજ્યમાં રોકાણ વધારવા માટેનો છે.

૫) આ કાર્યક્રમના ઉદ્દ્ઘાટન સમારોહમાં ભૂતાનના પ્રધાનમંત્રી હાજર રહ્યા હતા.

૬) આ કાર્યક્રમમાં અસમના રાજ્યપાલ બનવારીલાલ પણ પ્રમુખ પદ શોભાવશે.

૭) ભારતની તમામ નદીઓમાં બ્રહ્મપુત્ર નદી એકમાત્ર પુરુષ નદીઓ દરજ્જો ધરાવે છે.

## સમીક્ષા 245 (1)તારીખ 2/4/17

**1 એપ્રિલ 2017 ના રોજ દેશની રીઝર્વ બેંકનો 82 મો સ્થાપના દિવસ...**

૧) ભારતીય રીઝર્વ બેંકની સ્થાપના 1 એપ્રિલ 1935 ના રોજ કરવામાં આવી હતી.

૨) આ બેંકની સ્થાપના હિલ્ટન યંગ આયોગ દ્વારા કરવામાં આવી હતી.

૩) રીઝર્વ બેંકના પ્રથમ ગર્વનર સર ઓસ્બોન સ્મિથ હતા, જે અંગ્રેજ અફસર હતા.

૪) હાલ ભારતીય રીઝર્વ બેંકના 24 માં ગવર્નર તરીકે ઊર્જિત પટેલ સેવા આપી રહ્યા છે.

૫) રીઝર્વ બેંકનું રાષ્ટ્રીયકરણ વર્ષ 1949 માં થયું હતું, જે પ્રથમ વખત બનેલ ઘટના હતી.

૬) આજ સુધીમાં આશરે ભારતમાં 26 જેટલી બેંકોનું રાષ્ટ્રીયકરણ થયેલ છે.

૭) ભારતીય રીઝર્વ બેંકનું મુખ્યાલય મુંબઈ ખાતે આવેલ છે, અને વર્તમાનમાં આર.બી.આઈ.ના ચાર ગર્વનર છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

## સમીક્ષા 246 (1)તારીખ 3/4/17

**ભારતીય સ્ટેટ બેંકમાં પાંચ બેંકોના વિલીનીકરણ બાદ કામગીરી શરુ...**

૧) 1 એપ્રિલ 2017 થી ભારતીય સ્ટેટ બેંકમાં ભારતીય મહિલા બેંક સહિત અન્ય પાંચ બેંકોનું વિલીનીકરણ કરવામાં આવ્યું છે.

૨) એસ.બી.આઈ. સાથે જોડાનાર પાંચ બેંકોના નામ આ પ્રમાણે છે, જેમાં સ્ટેટ બેંક ઓફ મૈસુર, સ્ટેટ બેંક ઓફ પટિયાલા, સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર, સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર, સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ.

૩) હવે સ્ટેટ બેંક સંપતિના મામલે વિશ્વની ટોપ 50 બેંકોમાં સામેલ થઇ ગયેલ છે.

૪) આ બેંકની શાખાઓ સમગ્ર દેશમાં 24 હજાર જેટલી છે, અને કુલ ગ્રાહકો 37 કરોડ થયા છે.

૫) આશરે 59 હજાર એટીએમ સુધી તેની પહોંચ છે, તેનું માળખું સમગ્ર દેશમાં પ્રસરેલું છે.

૬) ભારતીય સ્ટેટ બેંક દેશની સૌથી મોટી લોન આપનાર સંસ્થા બનેલ છે.

૭) એસ.બી.આઈ.ના અધ્યક્ષ તરીકેની કામગીરી અરુંધતિ ભટ્ટાચાર્ય બજાવી રહ્યા છે.

## સમીક્ષા 247 (1) તારીખ 4/4/2017

**19 મુ રાષ્ટ્રીય વન્ય સંમેલન દહેરાદુનમાં આયોજિત થયું...**

૧) 3 એપ્રિલ 2017 ના રોજ 19 મુ રાષ્ટ્રીય વન્ય સંમેલન દહેરાદુનમાં શરુ થયેલ છે.

૨) આ સંમેલન ઉતરાખંડમાં આવેલ ફોરેસ્ટ રિસર્ચ ઇન્સ્ટીટયુટમાં શરુ થયેલ છે.

૩) આ સંમેલનનું ઉદ્દઘાટન ઉતરાખંડના રાજ્યપાલ ડો.કે.કે. પોલ દ્વારા કરવામાં આવેલ.

૪) પાંચ દિવસ સુધી ચાલનાર આ સંમેલનની થીમ રાખવામાં આવી છે, 'સમૃદ્ધિ અને ભાવિ પેઢી માટે વન'

૫) આ સંમેલનમાં 49 કોમનવેલ્થના સભ્ય દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૬) આ સંમેલનનું આયોજન કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયું પરિવર્તન મંત્રાલય દ્વારા યુનાઈટેડ કિંગડમના કોમનવેલ્થ વન્ય સંઘ સાથે મળીને કરવામાં આવેલ છે.

૭) આ બેઠકમાં જળવાયું પરિવર્તન અને હરિત આવરણને પ્રભાવિત કરવા માટેના મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે.

## સમીક્ષા 248 (1) તારીખ 5/4/17

**રાષ્ટ્રપતિશ્રી દ્વારા ડો.બી.સી.રોય પુરસ્કારો અર્પણ કરવામાં આવ્યા...**

૧) 28 માર્ચ 2017 ના રોજ દેશના રાષ્ટ્રપતિ દ્વારા ડો.બી.સી.રોય પુરસ્કાર પ્રદાન કરવામાં આવેલ.

૨) આ વર્ષે રાષ્ટ્રપતિશ્રી દ્વારા વર્ષ 2014, 2015 અને 2016 ના પુરસ્કારો એનાયત કરવામાં આવેલ છે.

૩) આ સમારોહમાં રાષ્ટ્રપતિશ્રી દ્વારા વર્ષ 2008 થી 2010 તથા 2014 થી 2016 સુધીના હરિઓમ આશ્રમ એલેમ્બિક રિસર્ચ એવોર્ડ પણ પ્રદાન કરાયા.

૪) આ સમારોહનું આયોજન ભારતની રાજધાની દિલ્હી શહેરમાં કરવામાં આવ્યું હતું.

૫) બી.સી રોય પુરસ્કાર વિજેતાઓમાં રણદીપ ગુલેરિયા સામેલ છે, જે એઈમ્સના નિર્દેશક તરીકેની કામગીરી સંભાળી રહ્યા છે.

૬) જયારે અન્યમાં ડો.રવિકાંતનું નામ પણ સામેલ છે, તેઓ પ્રતિષ્ઠિત ચિકિત્સા શિક્ષક છે.

૭) આ ઉપરાંત જનક દેસાઈ, ડો.બિનાક કારક તથા ડો.અશોક રાજગોપાલનો પણ સમાવેશ થાય છે.

## સમીક્ષા 249 (૧) તા 6/4/17

**ઝારગ્રામ પશ્ચિમ બંગાળનો 22 મો જિલ્લો બન્યો...**

૧) પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઝારગ્રામને રાજ્યનો 22 મો જિલ્લો જાહેર કરેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) ઝારગ્રામનું નિર્માણ પશ્ચિમ મિદનાપુર જેની વસતિ 11.37 લાખથી વહદરે છે.તેનું વિભાજન કરીને કરવામાં આવેલ છે.

૩) શ્રી આર.અર્જુનને નવા જિલ્લાના મજીસ્ટ્રેટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૪) જયારે અભિષેક ગુપ્તાને જિલ્લાના નવા પોલીસ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૫) ત્યાના મુખ્યમંત્રી દ્વારા નવા જિલ્લાના વિકાસ માટે 200 કરોડ રૂપિયાના વિકાસ કામો કરવાની જાહેરાત કરેલ છે.

૬) પશ્ચિમ બંગાળ રાજ્યના રાજ્યપાલ તરીકે કેસરીનાથ ત્રિપાઠી સેવા આપી રહેલા છે.

## સમીક્ષા 250 (1) તા 7/4/2017

**6 એપ્રિલ : વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય ખેલ દિવસ મનાવાયો...**

૧) વર્ષ 2013 માં સયુંકત રાષ્ટ્રોની મહાસભાએ સાતમાં સત્રમાં 6 એપ્રિલને આંતરરાષ્ટ્રીય વિકાસ દિવસ અને આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ જાહેર કરવાનો નિર્ણય લીધો હતો.

૨) આ દિવસે વિકાસ અને શાંતિ માટે ખેલ કાર્યાલય પર ડીઝીટલ અભિયાન પણ લોન્ચ કરવામાં આવ્યું.

૩) આ અભિયાન જેનું નામ 'વી પ્લે ટુગેધર'રાખવામાં આવેલ છે.

૪) હાલ સયુંકત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષ તરીકે પીટર થોમસન કાર્યભાર સંભાળી રહ્યા છે.

૫) સયુંકત રાષ્ટ્ર મહાસભાના પ્રમુખ તરીકે એન્ટોનિયો ગુટેરસ પદભાર સંભાળી રહ્યા છે.

૬) સયુંકત રાષ્ટ્રનું મુખ્યાલય ન્યુયોર્ક સીટી યુ.એસ.એ.માં આવેલ છે.

૭) આ દિવસ વિશ્વમાં શાંતિ અને વિકાસ માટે મનાવવામાં આવ્યો હતો.

## સમીક્ષા 251 (1) તારીખ 8/4/2017

**જી.એસ.ટી.બીલને સંસદે મંજુરી આપી...**

૧) 6 એપ્રિલ 2017 ના રોજ જી.એસ.ટી.બીલને સંસદ દ્વારા મંજુરી આપવામાં આવી છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) આ નવી કર પ્રણાલીમાં ઉપભોક્તાઓ અને રાજ્યોના હિતને ધ્યાને રાખવામાં આવેલ છે.

૩) અને ખેતીવાડી ક્ષેત્રની આવક પર કોઈ કરવેરો લગાવવામાં આવેલ નથી.

૪) જી.એસ.ટી.ને લગતા ચાર બીલો રાજ્ય સભાએ પારિત કર્યા બાદ લોકસભાને પાછા આપી દીધેલ છે.

૫) ઘણા ખાદ્ય પદાર્થો પર હાલ કોઈ કર લાગતો નથી, જીએસ.ટી. લાગુ થયા બાદ પણ તેના ઉપર કોઈ કર લગાવવામાં આવશે નહિ.

૬) નાણામંત્રી અરુણ જેટલીના જણાવ્યા મુજબ જી.એસ.ટી. 1 જુલાઈ 2017 થી લાગુ કરવાની વિચારણા છે.

૭) જી.એસ.ટી દેશનો એકમાત્ર એવો કર હશે જે રાજ્ય અને કેન્દ્ર એક સાથે એકત્ર કરશે.

## સમીક્ષા 252 (1) તા 9/4/2017

**મલાલા યુસુફઝાઈ સૌથી યુવા શાંતિ માટે સયુંકત રાષ્ટ્રના સંદેશાવાહક બન્યા...**

૧) સૌથી નાની ઉંમરના નોબેલ પુરસ્કાર વિજેતા મલાલા પાકિસ્તાન દેશના છે.

૨) તેઓ સૌથી નાની ઉંમરે યુવા શાંતિ માટે સયુંકત રાષ્ટના સંદેશા વાહક બની ગયા છે.

૩) તેઓની નિયુક્તિ આગામી 10 એપ્રિલ 2017 ના રોજ કરવામાં આવશે.

૪) આ નિયુક્તિ સયુંકત રાષ્ટ્રના પ્રમુખ એવા એન્ટોનિયો ગુટરસે દ્વારા કરવામાં આવશે.

૫) મલાલા પોતાની નવી ભૂમિકાના ભાગ રૂપે વિશ્વભરમાં દીકરીઓના શિક્ષણ માટે પ્રયાસ કરવામાં મદદ કરશે.

૬) તેઓએ પાકિસ્તાનમાં પણ આવા જ પ્રકારના કાર્યને વેગ આપ્યો હતો.

૭) મલાલા યુસુફ્જાઈની ઉંમર હાલ 19 વર્ષની છે.તેઓ સૌથી નાના નોબેલ મેળવનાર વ્યક્તિ છે.

## સમીક્ષા 253 (1) તારીખ 10/4/2017

**સારસ્વત બેંકના પ્રબંધ નિર્દેશક તરીકે સ્મિતા સંધાને નિયુક્ત કરાયા...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્પ્સ ડાઉનલોડ કરો**

૧) 1 એપ્રિલ 2017 ના રોજ સહકારી ક્ષેત્રની સૌથી મોટી ઋણ દાતા સારસ્વત બેંકના પ્રબંધ નિર્દેશક તરીકે સ્મિતા સાંધાને નિયુક્ત કરાયા છે.

૨) તેઓ ભારતની સૌથી મોટી શહેરી સહકારી બેંકોના પ્રથમ મહિલા પ્રમુખ છે.

૩) તેઓ આ પહેલા આ બેંકના સયુંક્ત નિર્દેશક રહી ચુક્યા છે.

૪) સ્મિતા સાંધા પહેલા આ બેંકના નિર્દેશક તરીકે એસ.કે.બેનર્જી ફરજ બજાવી રહ્યા હતા.

૫) એસ.કે. બેનર્જી 31 માર્ચ 2017 ના રોજ સેવા નિવૃત થયેલા છે.

૬) એસ.કે,બેનર્જી હવે આ બેંકના બોર્ડના સલાહકારના રૂપમાં કાર્ય કરી રહ્યા છે.

૭) સારસ્વત બેંકની સ્થાપના વર્ષ 1918 માં કરવામાં આવેલ છે.તેનું વડુંમથક મુંબઈ ખાતે આવેલ છે.

## સમીક્ષા 254 (1) તા 11/4/2017

**વેંકયા નાયડુએ ગાંધી ઈન ચંપારણ નામનું પુસ્તક લોન્ચ કર્યું...**

૧) વર્ષ 2017 માં ચંપારણ સત્યાગ્રહને 100 વર્ષ પૂર્ણ થવા પર દેશના ઘણા સ્થળોએ વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા હતા.

૨) આ કાર્યક્રમને ધ્યાને લઈને ગાંધી ઈન ચંપારણ સહીત મહાત્મા ગાંધી પર આધારિત ત્રણ જુના પુસ્તકોનું બીજીવાર વિમોચન કરવામાં આવેલ છે.

૩) વાચક સુધી ગાંધીના વિચારો પહોંચે તે માટે આ પુસ્તકોનું બીજીવાર વિમોચન કરવામાં આવેલ છે.

૪) આ ત્રણ પુસ્તકોમાં 1951 માં છપાયેલ 'બાયોગ્રાફી ઓફ ગાંધી'. ઉપરાંત.

૫) 1957 માં છાપવામાં આવેલ 'ગાંધી ઈન ચંપારણ', લેખક ડીજી તેંદુલકર.

૬) 1976 માં છાપવામાં આવેલ રોમેન રોલેન્ડ એન્ડ ગાંધી કોરસપોન્ડેવ નો સમાવેશ કરવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૭) આ પુસ્તકના વિમોચન વખતે વૈંક્યા નાયડુએ ગાંધીના મુલ્યો પર ભાર મુક્યો હતો.

## સમીક્ષા 255 (1) તા 12/4/2017

**મુકતા દત્તા તોમર જર્મનીમાં ભારતના રાજદૂત તરીકે નિયુક્ત કરાયા...**

૧) ૧૦ એપ્રિલ 2017 ના રોજ મુકતા દત્તા તોમરને જર્મનીમાં ભારતના રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) તેઓ વર્તમાનમાં વિદેશી બાબતોના મંત્રાલયના અતિરિક્ત સચિવ છે.

૩) આ પહેલા માર્ચ 2017 સુધી ગુરુજીત સિંહ જર્મનીમાં ભારતના રાજદૂત તરીકે સેવા આપી રહ્યા હતા.

૪) હાલ ભારતના કેન્દ્રીય વિદેશી બાબતોના મંત્રી તરીકે સુષમા સ્વરાજ ફરજ બજાવી રહ્યા છે.

૫) રાજદૂત તરીકે તેઓ જર્મનીમાં ભારતના સંબંધો વધારે મજબુત બને તે માટે કાર્ય કરશે.

૬) એકબીજા દેશો વિવિધ બાબતોમાં સહકાર સાધી શકે તે માટે રાજદૂતની નિયુક્તિ કરવામાં આવતી હોય છે.

## સમીક્ષા 256 (1) તા 13/4/2017

**રાષ્ટ્રીય હિન્દી સેવા સન્માન પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી...**

૧) કેન્દ્રીય હિન્દી સંસ્થાનના નિર્દેશક એન.કે.પાંડે દ્વારા પ્રતિષ્ઠિત હિન્દી સેવા સન્માન પુરસ્કારોની વિવિધ કેટેગીરીમાં લેખકોના નામની જાહેરાત કરવામાં આવેલ છે.

૨) મેં 2017 માં રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત થનાર કાર્યક્રમમાં રાષ્ટ્રપતિશ્રીના હસ્તે આ એવોર્ડ એનાયત કરવામાં આવશે.

૩) આ એવોર્ડમાં પ્રથમને પાંચ લાખ રૂપિયા,એક પ્રશિસ્તીપત્ર અને એક શાલ પ્રદાન કરવામાં આવશે.

૪) હિન્દી પત્રકારિતા માટે ગણેશ શંકર વિદ્યાર્થી પુરસ્કાર રાહુલ દેવને અને બલદેવ ભાઈ શર્માને આપવામાં આવશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૫) હિન્દી ભાષાના તેમના યોગદાન માટે બિન હિન્દી ભાષી રાજ્યોમાંથી પ્રો.એસ.શેષરત્નમ (આંધ્રપ્રદેશ) ને પણ પુરસ્કાર માટે પસંદ કરાયા છે.

૬) આ પુરસ્કારો માટે વિદેશી હિન્દી લેખકોને પણ પસંદ કરવામાં આવ્યા છે.

૭) ફુજી તકેશી,જાપાન, પ્રો.ગીબ્રીએલા નિક ઈલિવા ન્યુયોર્ક તેમજ પુષ્પિતા અવસ્થી નેધરલેંડનો સમવેશ થાય છે.

## સમીક્ષા 257 (1) તા 14/4/2017

**કર્ણાટક બેંકમાં નવા એમ.ડી.તથા સી.ઈ.ઓ.નિયુક્ત કરવામાં આવ્યા...**

૧) મહાબલેશ્વર માવીનાકુડી સુબ્રમણ્યમને કર્ણાટકબેંક લીમીટેડના નવા એમ.ડી.અને સી.ઈ.ઓ. નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) તેઓએ પોલાલી જયરામ ભટ્ટનું સ્થાન લીધેલ છે, જેણે આ પદ ત્રણ વર્ષ માટે સ્વીકાર્યું હતું.

૩) જો કે જયરામ ભટ્ટે પોતાના કાર્યકાળથી 15 માસ અગાઉ સ્વૈચ્છિક રૂપથી આ પદ છોડી દીધું હતું.

૪) શ્રી પી.જે.ભટ્ટ હવે શહેર આધારિત ખાનગી ક્ષેત્રની બેંકના ગૈર કાર્યકારી અધ્યક્ષ છે.

૫) આ પદ માટે જયરામ ભટ્ટે 12 એપ્રિલના રોજ પદભાર ગ્રહણ કર્યો.

૬) જયારે મહાબલેશ્વર એમ.એસ. 15 એપ્રિલ 2017 ના રોજ પોતાનો પદભાર સંભાળશે.

૭) હવેથી કર્ણાટક બેંકના સી.ઈ.ઓ. તરીકે મહાબલેશ્વર ઓળખાશે.

## સમીક્ષા 258 (1) તા 15/4/2017

**જર્મનીના એશિમ સ્ટેનર યુ.એન.ડી.પી.ના પ્રમુખ તરીકે નિયુક્ત...**

૧) સયુંકત રાષ્ટ્રના પ્રમુખ દ્વારા જર્મનીના એશિમ સ્ટેનર યુ.એન.ડી.પી.ના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) હાલ સયુંકત રાષ્ટ્રની મહાસભાના અધ્યક્ષ તરીકે એન્ટોનિયો ગુટેરસ ફરજ બજાવી રહ્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૩) યુ.એન.ડી.પી.નું પુરુનામ યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ થાય છે.

૪) યુ.એન.ડી.પી.નું કાર્યાલય ન્યુયોર્કમાં આવેલ છે.

૫) યુ.એન.ડી.પી. ગરીબી દુર કરવાની, સામાજિક વિકાસમાં સુધાર લાવવાની અને મહિલા સશક્તિકરણ માટેની કામગીરી કરે છે.

૬) એશિમ સ્ટેનર પહેલા સયુંકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમમાં કાર્યરત હતા.

૭) આ ઉપરાંત એશિમ સ્ટેનરે કેન્યામાં યુ.એન. કાર્યાલયનું નેતૃત્વ પણ કર્યું હતું.

**સમીક્ષા 259 (1) તા 16/4/2017**

## દેશના વડાપ્રધાનશ્રીએ ભીમ–આધાર પે એપ લોન્ચ કરી...

૧) 14 એપ્રિલ 2017 ના રોજ દેશના વડાપ્રધાનશ્રી દ્વારા મહારાષ્ટ્રના નાગપુરમાં ભીમ આધાર પે એપ લોન્ચ કરેલ છે.

૨) આ એપના માધ્યમથી આપણે અંગુઠાનું નિશાન લગાવીને ડીઝીટલ પેમેન્ટ કરી શકીએ છીએ.

૩) આ એપનો શુભારંભ ડો.બાબા સાહેબ આંબેડકરની 126 મી જન્મ જયંતિ પર લોન્ચ કરવામાં આવેલ.

૪) 'ભીમ આધાર'એપને 'આધાર પે'નામથી પણ ઓળખવામાં આવે છે.

૫) કેન્દ્ર સરકારનું એવું માનવું છે,કે આ એપના માધ્યમથી એવા લોકો પણ ડીઝીટલ પેમેન્ટ કરી શકશે, જે લોકો અભણ છે,અથવા મોબાઈલ ફોન અને ઈ–વોલેટનો ઉપયોગ કરતા નથી.

૬) ભીમ આધાર પ્લેટફોર્મના માધ્યમથી કોઈપણ નાગરિક સ્માર્ટફોન,ઈન્ટરનેટ,ડેબીટ કાર્ડ કે ક્રેડીટ કાર્ડ વગર પણ ડીઝીટલ ટ્રાન્જેક્શન કરી શકશે.

૭) 'આધાર પે'એપથી પેમેન્ટ કરવા પર કોઈપણ પ્રકારનો સર્વિસ ચાર્જ નહિ લાગે.

૮) આ એપ બાયોમેટ્રિક રીડરથી જોડાયેલ હશે, ગ્રાહક એપમાં પોતાનો આધાર નંબર અને બેંકનું નામ નાંખવાથી પેમેન્ટ કરી શકશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# GK Samixa 1 થી 30 April 2017,સામાન્યજ્ઞાન

## સમીક્ષા 260 (1) તા 17/4/2017

**રાષ્ટ્રપતિ દ્વારા સ્કોપ પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યા...**

૧) રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા નવી દિલ્હીમાં 11 એપ્રિલ 2017 ના રોજ આયોજિત 8 માં સાર્વજનિક ક્ષેત્ર સમારોહમાં સ્કોપ પુરસ્કાર પ્રદાન કરેલ છે.

૨) દેશમાં બે કરોડ રૂપિયાના રોકાણ સાથે માત્ર પાંચ સાર્વજનિક ક્ષેત્રોમાં પી.એસ.ઈ.ની શરૂઆત કરવામાં આવી હતી.

૩) આ દિવસે કેન્દ્રીય સાર્વજનિક ક્ષેત્રના ઉદ્યોગો દ્વારા અમુલ્ય યોગદાનની સ્વીકૃતિ કરવામાં આવે છે.

૪) સ્વતંત્રતા બાદ સી.પી.એસ.ઈ.ને દેશમાં ઔદ્યોગીકરણના વાહક તરીકે પસંદ કરવામાં આવેલ.

૫) ભારતના અર્થતંત્રમાં સાર્વજનિક ક્ષેત્રના ઉદ્યોગોનું પણ ભારે મહત્વ છે.

૬) ક્રમ ક્ષમતાની દ્રષ્ટીએ જોઈએ તો ભારતની અર્થ વ્યવસ્થા ત્રીજા સ્થાન પર છે.

૭) એક અંદાજ એવો પણ લગાવવામાં આવી રહ્યો છે કે કુલ મૂલ્યના પ્રમાણે ભારતની અર્થ વ્યવસ્થા ત્રણથી પાંચમાં સ્થાને રહેતી હશે.

## સમીક્ષા 261 (1) તા 18/4/2017

**હનચિલનને એમ.એસ.સ્વામીનાથન એવોર્ડ એનાયત થયો...**

૧) કૃષિક્ષેત્રમાં યોગદાન આપનાર પ્રતિષ્ઠિત એમ.એસ.સ્વામીનાથન પુરસ્કાર ભારત સરકાર દ્વારા આપવામાં આવે છે.

૨) હાલમાં આ પુરસ્કાર આર.આર.હનચિલનને આપવામાં આવેલ છે, તેઓ ભારત સરકારના છોડની જાતોના સંરક્ષણ અને કિસાન અધિકાર પ્રાધિકરણના અધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે.

૩) તેણે ગરમ અને શુષ્ક વાતાવરણમાં પાકની સુધારણા માટે કાર્ય કરેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) આ ઉપરાંત બીજ ઉત્પાદન ટેકનીક અને છોડની જાતોમાં બૌદ્ધિક સંરક્ષણ અધિકારમાં યોગદાન માટે પણ સન્માનિત કરવામાં આવેલ.

૫) આ પુરસ્કાર સેવા નિવૃત આઈ.સી.એ.આર. કર્મચારી સંઘની સાથે નુંજેવેડ સીડ્સ લીમીટેડ સાથે મળીને પ્રદાન કરવામાં આવે છે.

૬) આ પુરસ્કાર એમ.એસ.સ્વામીનાથનના નામ પર છે, જે એક ભારતીય આનુંવાંશીક અને આંતરરાષ્ટ્રીય પ્રશાસક હતા.

૭) ટૂંકમાં કૃષિ ક્ષેત્રમાં પ્રદાન બદલ અ પુરસ્કાર આપવામાં આવે છે.

## સમીક્ષા 262 (1) તા 19/4/2017

**BHEL દ્વારા મહારાષ્ટ્રમાં બે તાપ વિદ્યુત મથકોને કાર્યરત કરાયા...**

૧) ભારત હેવી ઇલેક્ટ્રિક લીમીટેડ દ્વારા મહારાષ્ટ્રમાં રતન ઇન્ડિયા નાસિક પાવર લીમીટેડની 270 મેગાવોટના બે એકમને કાર્યવંત કરેલ છે.

૨) આ એકમોના સંચાલન સાથે ભેલે મહારાષ્ટ્રમાં રતન ઇન્ડિયા માટે આઠ સેટ ચાલુ કરેલ છે.

૩) નાસિક માં આ સંસ્થાના ત્રણ સેટ શરુ કરવામાં આવેલ છે.

૪) મહારાષ્ટ્રના અમરાવતીમાં પાંચ સેટ શરુ કરવામાં આવેલ છે.

૫) આ ઉપરાંત નાસિકમાં 270 વોટના બે એકમો શરુ થયેલા છે.

૬) ભેલનું પુરુનામ ભારત હેવી ઇલેક્ટ્રિક લીમીટેડ થાય છે, જે આગળ જણાવવામાં આવેલ છે.

૭) વર્ષ 1964 માં ભેલ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.તેનું વડુંમથક નવી દિલ્હીમાં આવેલ છે.

## સમીક્ષા 263 (1) તા 20/4/2017

**વિનય શાહ એલ.આઈ.સી. હાઉસિંગ ફાઈનાન્સના નવા એમ.ડી. અને સી.ઈ.ઓ. તરીકે નિયુક્ત...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૧) ભારતીય જીવન વીમા નિગમ દ્વારા વિનય શાહ એલ.આઈ.સી. હાઉસિંગ ફાઈનાન્સના નવા એમ.ડી. અને સી.ઈ.ઓ. તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) વિનય શાહે સુનીતા શર્માનું સ્થાન લીધેલ છે.

૩) એલ.આઈ.સી. ફાઈનાન્સમાં સ્મેલ થયા પૂર્વે વિનય શાહ આજ સંસ્થામાં કાર્યકારી નિર્દેશક તરીકેની કામગીરી કરતા હતા.

૪) એલ.આઈ.સી સંસ્થા ગ્રાહકોનો વીમો કવર કરતી સંસ્થા છે.

૫) એલ.આઈ.સી.ની સ્થાપના 1 સપ્ટેમ્બર 1956 થી થયેલી છે.

૬) એલ.આઈ.સી.નું ધ્યેય વાક્ય છે, 'યોગ ક્ષેમ વહામ્યહમ'.

૭) એલ.આઈ.સી.નું વડુંમથક મુંબઈમાં આવેલ છે.તેના ચેરમેન વિજય કુમાર શર્મા છે.

## સમીક્ષા 264 (1) તા 21/4/2017

**વર્ષ 2017 માં વિશ્વ અર્થવ્યવસ્થા વૃદ્ધિદર 3.5 ટકા રહેશે...આઈ.એમ.એફ.નું અનુમાન...**

૧) આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ દ્વારા વિશ્વ અર્થવ્યવસ્થા માટે અનુમાનિત વૃદ્ધિદર મામુલી રૂપથી સાડાત્રણ ટકા વધારે રહેવાનું અનુમાન લગાવેલ છે.

૨) વર્ષ 2016 માં આ દર 3.1 ટકાના દરે રહ્યો હતો.

૩) આગામી વર્ષ 2018 માં અર્થવ્યવસ્થાનો વૃદ્ધિદર 3.6 ટકા રહેશે.

૪) આ સુધારો મુખ્ય રૂપથી યુરોપ અને એશિયા અને એશિયા અંતર્ગત દેશો વગેરેને ધ્યાને રાખી દર્શાવાયો છે.

૫) આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળની સ્થાપના વર્ષ 1945 માં કરવામાં આવી હતી.

૬) આજે આ સંસ્થા સાથે 189 જેટલા દેશો જોડાયેલા છે.

૭) આઈ.એમ.એફ. ને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## સમીક્ષા 265 (1) તા 22/4/2017

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

## GK Samixa 1 થી 30 April 2017,સામાન્યજ્ઞાન

**નવી દિલ્હીમાં 11 મો સિવિલ સર્વિસ દિવસ કાર્યક્રમ આયોજિત કરાયો...**

૧) કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી રાજનાથસિંહે નવી દિલ્હીમાં બે દિવસ માટે 11 માં સિવિલ સર્વિસ દિવસનો શુભારંભ કરાવેલ છે.

૨) આ કાર્યક્રમ તારીખ 20 અને 21 એપ્રિલ 2017 ના રોજ આયોજિત થયેલ.

૩) દરવર્ષે 21 એપ્રિલના રોજ ભારતમાં સિવિલ સર્વિસ દિવસ મનાવવામાં આવે છે.

૪) આ કાર્યક્રમ લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય તેમજ પ્રસાશનિક સુદાહ વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.

૫) આ પ્રકારનો પ્રથમ કાર્યક્રમ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજિત કરવામાં આવ્યો હતો.

૬) આ પહેલા વર્ષ 2006 માં દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ.

૭) લોક જાગૃતિ માટે દર વર્ષે મોટાભાગના વિભાગ દ્વારા આવા કાર્યક્રમનું આયોજન થતું હોય છે.

**સમીક્ષા 266 (1) તારીખ 23/4/2017**

**22 એપ્રિલ વિશ્વ પૃથ્વી દિવસ માનાવાયો...**

૧) 22 એપ્રિલના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ પૃથ્વી દિવસ મનાવવામાં આવ્યો.

૨) આ વર્ષે પર્યાવરણ રક્ષાના સંદેશ સાથે વિશ્વ પૃથ્વી દિવસ મનાવવામાં આવ્યો.

૩) વર્ષ 2017 માટે પૃથ્વી દિવસની થીમ રાખવામાં આવી હતી, પર્યાવરણ અને જળવાયું સાક્ષરતા.

૪) આ દિવસ પર્યાવરણ સંરક્ષણ સાથે સમર્થનનું પ્રદર્શન કરવા માટે વિશ્વભરમાં મનાવવામાં આવે છે.

૫) વર્ષ1969 માં યુનેસ્કો સંમેલનમાં આ દિવસનો પ્રસ્તાવ પારિત કરવામાં આવ્યો હતો.

૬) પ્રથમ પૃથ્વી દિવસ વર્ષ 1970 માં મનાવવામાં આવ્યો હતો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૭) આમ દર વર્ષે પર્યાવરણ જાગૃતિના દિવસો મનાવીને લોક જાગૃતિના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## સમીક્ષા 267 (1) તા 24/4/2017

**જી.એન.એફ.સી.એ જીત્યો ગોલ્ડન પીકોક એવોર્ડ 2017...**

૧) ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લીમીટેડ દ્વારા કેશલેસ ટાઉનશીપ મોડેલ તૈયાર કરેલ.

૨) તેઓ દ્વારા વિશેષ ઉત્પાદન અને સેવાને ધ્યાને રાખી પ્રતિષ્ઠિત ગોલ્ડન પીકોક એવોર્ડ 2017 પ્રદાન કરવામાં આવેલ છે.

૩) વર્ષ 1991 માં મુખ્ય સંસ્થા આઈ.ઓ.ડી એ ભારતમાં ગોલ્ડન પીકોક પુરસ્કાર સ્થાપિત કર્યો હતો.

૪) સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયધીશ જસ્ટીસ અરિજિત પસાયત જ્યુરીના અધ્યક્ષ હતા.

૫) જી.એન.એફ.સી.ના પ્રબંધક નિર્દેશક રાજીવ કુમાર ગુપ્તાને દુબઈ ગ્લોબલ કન્વેશનમાં આ એવોર્ડ એનાયત થયો.

૬) દુબઈ ગ્લોબલ કન્વેન્શન 27 મુ વિશ્વ કોંગ્રેસ સંમેલન હતું.

૭) જી.એન.એફ.સી. મુખ્યત્વે રાસાયણિક ખાતરનું ઉત્પાદન કરે છે.

## સમીક્ષા 268 (1) તા 25/4/2017

**મૌસમી ચેટરજીને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો...**

૧) પ્રખ્યાત અભિનેત્રી મૌસમી ચેટરજીને 80 માં બંગાળી ફિલ્મ પત્રકાર સંઘ દ્વારા આ એવોર્ડ આપવામાં આવેલ છે.

૨) ફિલ્મ લેખકોની સૌથી જૂની સંસ્થા એટલે બી.એફ.જે.એ. ની સ્થાપના 1937 માં કરવામાં આવી હતી.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૩) બંગાળી ફિલ્મ અભિનેતા પ્રેસનજીત ચેટરજીને સાંખોચીલ તેમની ભૂમિકા માટે સર્વશ્રેષ્ઠ અભિનેતાનો ખિતાબ આપવામાં આવેલ છે.

૪) જયારે રાજકહીનીમાં તેમની ભૂમિકા માટે રિતુપર્ણો સેન ગુપ્તાને નાટોકોર મોટો 2015 માં પાવલી માટે સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

૫) દર વર્ષ થનાર આયોજનમાં સારા પ્રદર્શન માટે આ એવોર્ડ આપવામાં આવે છે.

૬) ફિલ્મોના નિર્માણમાં નવીનતા લાવવા માટે આ સન્માન આપવામાં આવે તે જરૂરી છે.

## સમીક્ષા 269 (1) તા 26/4/2017

**25 એપ્રિલ વિશ્વ મેલેરિયા દિવસ ઉજવવામાં આવ્યો...**

૧) દર વર્ષે 25 એપ્રિલના રોજ વિશ્વ મેલેરિયા દિવસ ઉજવવામાં આવે છે.

૨) આ દિવસ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા મનાવવામાં આવે છે.

૩) આ દિવસ મેલરિયા રોગના નિયંત્રણ માટે અને જાગૃતિ માટે મનાવવામાં આવે છે.

૪) આ વર્ષે મનાવવામાં આવેલ વિશ્વ મેલેરિયા દિવસ દિવસની થીમ રાખવામાં આવી હતી, 'એન્ડ મેલેરિયા ફોર ગુડ.'

૫) વિશ્વ આરોગ્ય સંગઠન વૈશ્વિક લેવલ પર કામ કરતી સંસ્થા છે.

૬) મોટા ભાગના રોગ પર નિયંત્રણ લાવવા માટે આ સંસ્થા દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવે છે.

૭) હાલ આ સંસ્થાના નિર્દેશક તરીકે ડો.માર્ગેરેટ ચાન ફરજ બજાવી રહ્યા છે.

## સમીક્ષા 270 (1) તા 27/4/2017

**દારા શિકોહ પર દિલ્હીમાં સંમેલન આયોજિત થશે...**

૧) આંતરરાષ્ટ્રીય દારા શિકોહ સંમેલન આગામી 27 અને 28 એપ્રિલ 2017 ના રોજ આયોજિત કરાશે.

૨) આ સંમેલનનું આયોજન ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ દ્વારા કરવામાં આવશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૩) આ સંમેલનનો ઉદેશ્ય દારા શિકોહ દ્વારા હિન્દુત્વ અને ઈસ્લામના આધ્યાત્મિક એકત્રીકરણના યોગદાનને દર્શાવવામાં આવનાર છે.

૪) દારા શિકોહે ભારતની સામાજિક અને સાંસ્કૃતિક એકતા માટે ઉલ્લેખનીય યોગદાન કરેલ છે.

૫) આ સંમેલનમાં અમેરિકા, ઈરાન,અફઘાનિસ્તાન,ઉઝબેકિસ્તાન તથા ભારત સહિતના વિદ્વાનો ભાગ લેશે.

૬) દારા શિકોહ પાંચમાં મુઘલ સમ્રાટ શાહજહાંના મોટા પુત્ર હતા.

૭) દારા શિકોહ રાજા બને તે પહેલા તેના નાના ભાઈ ઔરંગઝેબ દ્વારા તેની હત્યા કરવામાં આવી હતી.

## સમીક્ષા 271 (1) તારીખ 28/4/2017

**નીતા અંબાણીને આઈ.ઓ.સી.ના ઓલિમ્પિક ચૈનલ આયોગના સદસ્ય બનાવવામાં આવ્યા...**

૧) ભારતના પ્રથમ મહિલા આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના સદસ્ય નીતા અંબાણીને વૈશ્વિક ખેલ પ્રસાશન સંગઠનના બે મહત્વપૂર્ણ કમિશનો માટે આ પદ આપવામાં આવેલ છે.

૨) નીતા અંબાણીને ઓલિમ્પિક ચૈનલ સિવાય વર્ષ 2017 માટે 26 કમિશનની રચનાની જાહેરાતમાં તેઓને ઓલિમ્પિક શિક્ષા આયોગના સદસ્ય પણ નીમવામાં આવ્યા છે.

૩) તેઓ ઓલિમ્પિક ચૈનલ આયોગના 16 સદસ્યોમાના એક છે.

૪) આ ચૈનલની અધ્યક્ષતા યુનાઈટેડ સ્ટેટ્સ ઓલિમ્પિક સમિતિના અધ્યક્ષ લૉરેન્સ ફ્રાન્સીસ પ્રોસ્બ્સ કરી રહ્યા છે.

૫) શ્રીમતી અંબાણીએ ઈન્ટરનેશનલ પૈરાલિમ્પિક કમિટીના અધ્યક્ષ ફિલિપ ક્રેવનનું સ્થાન લીધું છે.

૬) તેઓ 70 વર્ષની વય સુધીના થાય ત્યાં સુધી આ પદ પર રહેશે.

૭) ભારતીય મહિલાઓ માટે આ ગૌરવ સમાન તક મળવા પામી છે.

## સમીક્ષા 272 (૧) તા 29/4/2017

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# GK Samixa 1 થી 30 April 2017,સામાન્યજ્ઞાન

**ભુવનેશ્વર પિયરે એલ એંફેન્ટ એવોર્ડ જીતનાર દેશનું પ્રથમ શહેર બન્યું...**

૧) ઓરિસ્સાની રાજધાની શહેર ભુવનેશ્વર પિયરે એલ એંફેન્ટ પ્લાનિંગ એક્સીલેન્સ એન્ડ અચીવમેન્ટ એવોર્ડ–2017 જીતનાર દેશનું પ્રથમ શહેર બનેલ છે.

૨) આ પુરસ્કાર અમેરિકન પ્લાનિંગ એસોસીએશન દ્વારા આપવામાં આવે છે.

૩) આ સંસ્થા દ્વારા પાંચ ઉત્કુષ્ટતા પુરસ્કાર પ્રાપ્તકર્તાઓને પસંદ કરેલ છે.

૪) આગામી 8 મે 2017 ના રોજ ન્યુ યોર્ક એસોસીએશનના રાષ્ટ્રીય યોજના સંમેલનમાં તેઓને સન્માનિત કરવામાં આવશે.

૫) સ્માર્ટ સીટી ભુવનેશ્વરને આ પુરસ્કાર સારી અને ઉન્નત શહેરની યોજના બનાવવા માટે અને લોકોને તેમાં સામેલ કરવા માટે આપવામાં આવે છે.

૬) હાલ ઓરિસ્સા રાજ્યના મુખ્યમંત્રી તરીકે નવીન પટ્ટનાયક સેવા આપી રહ્યા છે.

૭) ભારત સરકાર દ્વારા દેશમાં 100 સ્માર્ટ શહેરો બનાવવાની યોજના કાર્યરત છે.

**સમીક્ષા 273 (1) તા 30/4/2017**

**મહારાષ્ટ્રમાં તૈયાર થશે,ભારતનું પ્રથમ પુસ્તક ગામ...**

૧) પોતાની સ્ટ્રોબેરી માટે જાણીતું એક ગામ બહુ જલ્દી દુર્લભ મરાઠી પુસ્તકો અને પત્રિકાઓ પણ વાંચવા માટે ઉપલબ્ધ કરાવશે.

૨) આગામી 4 મેં 2017 થી ભીલ્લર ગામ દેશનું પ્રથમ પુસ્તક ગામ બનશે.

૩) આ ગામમાં 25 જેટલી વિવિધ જગ્યાઓ પર પ્રવાસીઓ અને સ્થાનિક રહીશો માટે પુસ્તક અને પત્રિકાઓ અને સમાચાર પત્રો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૪) મહાબલેશ્વર પાસે આવેલ ભીલ્લર સ્ટ્રોબેરી માટે જાણીતું છે.

૫) ભીલ્લર ગામની વસતિ 10 હજાર જેટલી છે, તેની આસપાસ દરવર્ષે 100 ટન સ્ટ્રોબેરીનું ઉત્પાદન થાય છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૬) આ એકલા સ્ટ્રોબેરીના ઉત્પાદનમાં તેમને 50 કરોડ રૂપિયાની આવક થાય છે.

૭) આ ગામની 90 ટકા વસતિ સ્ટ્રોબેરીની ખેતી સાથે સંકળાયેલ છે.

**–પરેશ ચાવડા**

www.edusafar.com

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો